સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

લુચ્ચાઈ - નફટાઈમાં ચીનની અસર છે,
ને પડોશી ધર્મમાં સમજની કસર છે.
મસ્ત છે મસ્તીમાં પાકિસ્તાન પીઠબળથી -
દયા નથી કોરી આંખમાં લોહીની ટસર છે
(માનવતા વિહોણું વર્તન)

વિશ્વભરનાં
ગીધડાં, ભારતમાં -
માણે છે મોજ!
(બિકાનેરમાં ગીધ મેળો)
આકસ્મિક યોગાનુયોગ)

તૂટશે કેમ?
આ કાચની દિવાલ!
સ્નેહ સંબંધે!
(કુલભૂષણનું માતા
અને પત્ની સાથે મિલન)

ચિંતન

નાજેષુ સર્વધર્મેષુ શાશ્વતાશાશ્વતાભિધા ।
યત્ર વર્ણા ન વર્તન્તે વિવેકસ્તત્ર નોચ્યતે ॥

ઉપરોક્ત શ્લોક માંડૂક્યોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

સર્વ ધર્મો કે જેની ઉત્પત્તિ જ નથી તેને નિત્ય-અનિત્ય એવી સંજ્ઞા જ ન આપી શકાય. જ્યાં શબ્દો જ હોતા નથી (એવા આત્મામાં નિત્ય-અનિત્ય સેવા) વિવેક ને પણ કોઈ અવકાશ નથી.

આત્મા અનિર્વચનીય છે, કેમ કે વાસ્તવમાં કે કેવળ ચૈતન્યઘન, સત્તા-સ્વરુપ અને નિત્ય એવા અજન્મા આત્માની બાબતમાં 'તે નિત્ય છે, તે અનિત્ય છે.' ઈત્યાદિ નામકરણની પ્રવૃત્તિ થઈ જ ન શકે.

જેમ માયામય બીજમાંથી અંકુરાદિ થાય છે, તે નથી નિત્ય કે નથી અનિત્ય. તેમ સર્વે 'ધર્મો' પણ મયામય હોવાને કારણે નથી તેમનો જન્મ થતો કે નથી થતો વિનાશ. એ સર્વે ધર્મો અજ છે. તેથી તેમના સ્વરુપનું વર્ણન કરવું અશક્ય છે.

સુવિચાર

- પાપ વિષે સભાન થવું, અપરાધ બોધ જાગવો એટલે મુક્તિના મંડાણ શરૂ - **અખંડ આનંદ**
- કુદરતનો પ્રકાશ, વિજ્ઞાનનો પ્રકાશ અને બુદ્ધિનો પ્રકાશ : ઈશ્વરીય પ્રકાશની સામે એ ત્રણેય પડછાયા જ લાગે - **મુંબઈ સમાચાર**
- ભગવાન મદદે આવે તે પહેલાં આપણે પોતાના હૃદયને જાત-છેતરામણીમાંથી મુક્ત કરવું જોઈએ - **સંત ઓગસ્ટીન**
- કોઈ પણ બાબત પવિત્ર બને ત્યારે તેના નિરર્થક ખૂણાઓ ઘસાઈ જાય છે - **કાકાસાહેબ કાલેલકર**
- પરહિત સાધવા પુરુષાર્થી બનવું એના જેવો કોઈ ધરમ નથી - **તુલસીદાસ**
- ત્રણ મોટીમાં મોટી પદવી જે માણસને આપી શકાય છે તે છે : શહીદ, વીર અને સંત - **સંત રોબિન**
- આજનું ઔષધ : તલ પીસી તેમાં ઘી અને મધ મેળવી ઘા ઉપર ચોપડી પાટો બાંધવાથી ઘા જલ્દી રૂઝાઈ જાય છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

અકબર બાદશાહને સપનું આવ્યું... કે એમના મોઢામાં ફક્ત એક આંગળનો દાંત બચ્યો છે. બાકીના બધા દાંત પડી ગયા છે. આ સપનાનો અર્થ સમજવા બાદશાહે જ્યોતિષીઓ અને જાણકારોને બોલાવ્યા.

સ્વપ્નનો ભેદ જાણવા માટે બાદશાહ આતુર હતા. એક ફકીરને કાને બાદશાહના સપનાની વાત પડી. ફકીર દરબારમાં આવીને કહ્યું, 'મહારાજ. આ તો અપશુકનના સમાચાર કહેવાય, આ સપનાનો અર્થ એવો થાય કે તમારી હાજરીમાં જ તમારા પરિવારના સૌ મૃત્યુ પામશે.'

બાદશાહ ગુસ્સે થયા. અને આદેશ આપ્યો. 'આ ફકીરને હાથીના પગ નીચે ચગદી નાખવો.' બીરબલ ત્યાં હાજર હતો. તેણે કહ્યું, 'જહાંપનાહ, અગર આજ્ઞા આપો તો સપનાનો ભેદ હું કહું?' અકબરે હા પાડી. બિરબલે કહ્યું, 'આ સપનાનો અર્થ એ છે કે આપના પરિવારમાં આપનું આયુષ્ય સૌથી વધારે હશે બીજું કોઈ આપના જેટલું દિર્ઘાયુ નહીં જીવે.'

પેલા ફકીર અને બીરબલના કહેવાનો અર્થ એક જ હતો. અંતર એટલું હતું કે બીરબલનો કહેવાનો ઢંગ ચતુરાઈથી ભરેલો હતો. બાદશાહ ખુશ થઈ બીરબલને કહ્યું, બોલો, જે માંગો તે આપું છું.' બિરબલ કહે, 'જહાંપનાહ, પેલા ફકીરની સજા માફ કરો જેણે તમારા સપનાનો અર્થ જણાવ્યો હતો. પણ એને સરખી રીતે, ઢંગપૂર્વક વાત કહેતા ન આવડ્યું.'

બાદશાહે પેલા ફકીરની સજા માફ કરી અને ઈનામ આપી વિદાય કર્યો.

શાળા સંચાલકો પર સકંજાને અદાલતની મંજૂરી

તંત્રીસ્થાનેથી...

ખાનગી ધોરણે ચાલતી અને અઢળક ફી ઉઘરાવતી ફાઈવ સ્ટાર સ્કૂલો દ્વારા ચલાવાતી લૂંટ સામે રાજયભરમાં સર્જાયેલા આક્રોશના પગલે ગુજરાત સરકાર દ્વારા વિધાનસભામાં પસાર કરાયેલા ફી નિયમન કાયદાને આવી શાળાઓ દ્વારા હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. કોર્ટે આપેલ ચુકાદા મુજબ આવો કાયદો કરવાનો સરકારને હક છે. સરકાર પ્રજાનું આ પ્રકારનું શોષણ અટકાવવા સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલોને પણ એમની ફી નિયંત્રિત રાખવાનો આદેસ કરી શકે છે. હાઈકોર્ટના આ ચુકાદાથી રૂપાણી સરકારને પોતાના લોકલક્ષી અને વિદ્યાર્થીલક્ષી પગલાને અદાલતની લીલીઝંડી મળી હોવાનો અહેસાસ થાય તે સ્વાભાવિક છે. ખાનગી શાળા સંચાલકો મન ફાવે એમ ઊંચી ફી વસૂલ કરતા રહ્યા છે અને પોતાની શાળાઓ સરકાર પાસેથી કોઈ ગ્રાન્ટ નહીં મેળવતી હોઈ ફી નક્કી કરવાનો પોતાનો વિશેષાધિકાર છે - એવી અવધારણા સાથે તેઓ સરકારે પસાર કરેલ કાનૂનની સામે કોર્ટના શરણે ગયા હતા. કોર્ટે એમને રોકડો જવાબ પરખાવી સરકારના પગલાને યોગ્ય ગણાવ્યું છે. વળી સરકાર દ્વારા નીમેલ ફી નિર્ધારણ સમિતિ સમક્ષ પોતાની રજૂઆત કરવાનો સરકારી આદેશ પણ કોર્ટ દ્વારા માન્ય રખાયેલ છે. ફી નિર્ધારણ સમિતિમાં વાલીઓનું પ્રતિનિધિત્વ નથી, એ મુદ્દે વાલીઓમાં અસંતો, જરૂર છે, પરંતુ અદાલતે સરકાર દ્વારા નિમાયેલ ફી નિયમન સમિતિમાં વાલીઓને પ્રતિનિધિત્વ આપવા મુદ્દે કોઈ નિરીક્ષણ સમિતિમાં વાલીઓને પ્રતિનિધિત્વ આપવા મુદ્દે કોઈ નિરીક્ષણ કરેલ નથી. આમ સરકારના વલણને હાઈકોર્ટનું સંપૂર્ણ સંમર્થન સાંપડતાં હવે એક તરફ સંચાલકો પોતાની ફી નક્કી કરવાના વિશેષાધિકારની માગણી સાથે સુપ્રીમનું શરણું લેશે તો વાલીઓ પણ સરકાર સમક્ષ ફી નિર્ણારણ સમિતિમાં પોતાનું પ્રતિનિધિત્વ અંકે કરવા આંદોલનનો રાહ અપનાવે તેવી શક્યતા નકારી શકાય એમ નથી. આખા પ્રશ્નના મૂળમાં તો અલબત્ત સરકારી શાળાઓમાં કથયેલ શિક્ષણનું ધોરણ જ કારણભૂત છે. પ્રજાને હવે સરકારી કે ગ્રાન્ટ લેતી મ્યુનિસિપલ શાળાઓમાં અપાતા શિક્ષણ પર ઝાઝો ભરોસો નથી રહ્યો. પરિણામે ધંધાકીય ધોરણ ઊભી થયેલી હાઈ-ફાઈ સ્કૂલોમાં જ પોતાના બાળકોને ભણાવવાની ઘેલછા સરજાવા પામી છે. રાજય સરકારે ખાનગી શાળા સંચાલકોને ઉઘાડી લૂંટ ચલાવવાની આડકતરી છૂટ આપી હોવાનો આક્ષેપ જયારે આંદોલનમાં પરિણમવાની સ્થિતિ પેદા થઈ ત્યારે જ નાછૂટકે રાજય સરકારે આ ફી નિયમન કાનૂન રચવાની કવાયત હાથ ધરી હતી. આજે રાજયભરમાં સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલોના રાફડા ફાટ્યા છે અને સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓ મરવાવા વાંકે ચાલી રહી છે. કેટલીક સરકારી સ્કૂલો તો સાવ જ બંધ થઈ ગઈ છે. આ પરિસ્થિતિ એ હદે વરણી ચૂકી છે કે પેટે પાટા બાંધીને જીવતો મજૂર પરિવાર પણ પોતાનાં બાળકોને દેવું કરીને સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલમાં મોકલતો થયો છે. ખરું જોતાં આ રાજય સરકારની નઘરોળ બેજવાબદારીવાળી શિક્ષણ નીતિનું જ પરિણામ છે. નવી સરકારે આ મુદ્દે ઊંડો વિચારવિમર્શ કરી કથળેલી શિક્ષણ વ્યવસ્થાને પાટે ચડાવવાની જરૂર છે. વિપક્ષ આ મુદ્દે રાજયવ્યાપી આંદોલન કરી શકે એમ છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રચાર દરમિયાન ગુજરાતમાં શિક્ષણનો બેફામ વેપાર થઈ રહ્યો હોવાનો મુદ્દો ઉછાળ્યો જ હતો. હવે જયારે હાઈકોર્ટ દ્વારા ખાનગી શાળા સંચાલકો દ્વારા મનસ્વીપણે ચલાવાતી લૂંટ પર સકંજો કસવાના સરકારી કાનૂનને માન્ય ઠેરવ્યો છે ત્યારે દડો સરકારની કોર્ટમાં છે. જો એ શાળા સંચાલકો દ્વારા વૈકલ્પિક ઉઘરાણાં સામે આંક મિચામણાં કરશે તો પ્રજા અને વિપક્ષ એની વિરુદ્ધ રસ્તા પર ઊતરી આવશે એમાં શંકાને સ્થાન નથી.

બાળકના વિકાસની આધારશીલા

રંગ-ઉમંગ
કાનન ઓઝા

તમારા સંતાનને એક જ ભેટ આપી શકો તેમ હો તો તમે એને ઉત્સાહ આપજો.

કોઈ પણ વ્યક્તિના વિકાસમાં 'પ્રોત્સાહન' મુખ્ય પરિબળ તરીકે ભાગ ભજવતું જોવા મળે છે. જુદા જુદા જીવન ચરિત્રો અને આત્મચરિત્રોમાં આ વાત ઉડીને આંખે વળગે એ રીતે આલેખાયેલી હોય છે. એમાં પમ જેમને માતાપિતા તરફથી પ્રોત્સાહન મળ્યું હોય છે. તેવાઓએ તો વિષમમાં વિષય પરિસ્થિતિમાં પણ અદભૂત વિકાસ સાધી દેખાડ્યાનાં દૃષ્ટાંતો છે. હેલન કેલર કદાચ આવું સર્વોત્તમ દૃષ્ટાંત છે. જન્મ પછી લગભગ તુરત જ માત્ર દોઢ વર્ષની ઉંમરે આંખ કાન અને જીભની શક્તિઓ ખોઈ બેઠેલી એક આંધળી, બહેરી અને મૂંગી છોકરીઓ વિદૂષિ તરીકે નામ કાઢ્યું. હાવર્ડ યુનિવર્સિટીમાં બી.એ. થઈ. સામાન્ય માણસ જે જ્ઞાન આંખ કે કાનથી મેળવી શકે તે એણે માત્ર સ્પર્શની મદદથી મેળવ્યું. ઘોડેસવારી શીખી, તરતાં શીખી, વિદ્વાન અને કવિ બની. આની પાછળ એનાં માતા પિતાનો અપાર પરિશ્રમ અને ડગલે પગલે એમને પૂરું પાડેલું પ્રોત્સાહન કારણભૂત હતાં. નોર્મલ બાળકને પણ પ્રોત્સાહનની એટલી જ જરૂર પડે છે. કદાચ આ મનુષ્યમાત્રની - આમ જુઓ તો પ્રાણીમાત્રની જરૂરિયાત છે. એનામાં જે પડ્યું હોય છે. તે બહાર લાવવા એને કોઈકના પ્રોત્સાહનની જરૂર પડે છે. આવું પ્રોત્સાહન પ્રારંભથી મળતું રહે તો એ એની શક્તિનો પુરો હિસાબ આપ્યા વગર નહિ રહે. સુનિલ ગાવાસ્કરે ક્રિકેટ ક્ષેત્રે અને સ્ટેફી ગ્રાફે ટેનિસના ક્ષેત્રે જે ઊંચા શિખરો સર કરી બતાવ્યાં તેમાં બંનેની પિતાઓએ નાનપણથી જ એમને પૂરું પાડેલું પ્રોત્સાહન કારણભૂત છે.

સામાન્ય રીતે એવું જોવા મળે છે કે બાળક જયારે પહેલી વાર ઘૂંટણિયાં તાણતું થાય કે પા પા પગલી ભરતું થાય કે કાલીઘેલી વાણીમાં પપ્પા-મમ્મી શબ્દોનું ઉચ્ચારણ કરતું થાય ત્યારે મા-બાપ અને અન્ય સ્વજનો બાળકને વધુ ચાલતું કે વધુ બોલાતું કરવા પ્રોત્સાહન આપતાં હોય છે, પણ બાળકના સાંવેદિક અને બૌદ્ધિક વિકાસમાં પણ માબાપના પ્રોત્સાહનની એટલી જ જરૂર હોય છે. તેનો ઘણાંખરાં માબાપને ખ્યાલ નથી હોતો. એટલે બાળકને પ્રોત્સાહિત કરવાની બાબતે સભાન થવાની અત્યંત આવશ્યકતા છે. બાળકના યથાશક્ય પૂર્ણ વિકાસ સુધી મા-બાપના પ્રોત્સાહનની હૂંફ બાળકને મળતી રહેવી જોઈએ. ડગલે ને પગલે મા-બાપનું પ્રોત્સાહન મળ્યું હોય તેવાં બાળકોના વિકાસમાં ને બાળકના વિકાસ માટે ઉપેક્ષા સેવાદત હોય તેવાં બાળકોના વિકાસમાં ઉડીને આંખે વળગે તેવો તફાવત જોવા મળે છે.

બાળકોનો ઉત્સાહ વધારવામાં એક સાવધાની રાખવી જોઈએ. બાળકમાં રહેલી શક્યતાઓનો તાગ મેળવવો જઈએ. આમાં નિષ્ણાતોની મદદ પણ લઈ શકાય. અને પછી એ શક્યતાઓનાં સંદર્ભમાં બાળકને પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ. આમાં આપણો ઉત્સાહ સરસાઈ ન ભોગવે તે જોવું જોઈએ. બાળકમાં જે નથી તે કરી દેખાડે એવી હઠ સાથે આપવામાં આવતા પ્રોત્સાહનનું ઉલ્ટું માઠું પરિણામ આવશે. માબાપ હતાશ થશે તે બાળક લઘુતાગ્રંથિનો ભોગ બનશે.

મા બાપનું પ્રોત્સાહન બાળકના વિકાસની આધારશિલા છે. એ વાત મનમાં ઘૂંટી રાખો.

ઈન્સ્ટીટયુટ ઑપ મેથેમેટીકલ સાયન્સીઝ કયાં આવેલું છે ?

વિજ્ઞાનજગત

૧ 'માયોપિયા' શું છે ?
(અ) બાળરોગ (બ) નજીકનો દૃષ્ટિદોષ
(ક) લોહી સંબંધિત રોગ (ડ) સ્ત્રી સંબંધિત રોગ

૨ એક્સરે કિરણોની શોધ કોણે કરી હતી ?
(અ) વિલિયમ શેરજન (બ) લિવિરેન
(ક) જહોન ડાલ્ટન (ડ) માઈકલ ફેરાડે

૩ ઈન્સ્ટીટયુટ ઑપ મેથેમેટીકલ સાયન્સીઝ કયાં આવેલું છે ?
(અ) મુંબઈ (બ) કોલાકાત્તા
(ક) દિલ્હી (ડ) ચેન્નાઈ

૪ ભારતના કયા વૈજ્ઞાનિકને ભારતરત્નથી નવાજવામાં આવ્યા છે ?
(અ) ડૉ. વિક્રમ સારાભાઈ (બ) ડૉ. હોમી ભાભા
(ક) ડૉ. સી.વી. રામન (ડ) રામાનુજન

૫ ભારતનું કયું શહેર સિલિકોન વેલી તરીકે ઓળખાય છે ?
(અ) પુના (બ) મૈસુર
(ક) મુંબઈ (ડ) બેંગ્લોર

૬ પ્લાસ્ટિકની શોધ કોણે કરી હતી ?
(અ) એલેકઝાન્ડર પાર્કસ (બ) જે પ્રિસ્ટલે
(ક) ડૉ. એડવર્ડ ટેલર (ડ) લુઈઈ વોટરમેન

૭ નીચેની કી શોધ થોમસ આલ્વા એડિસને કરેલી નથી ?
(અ) ગ્રામોફોન (બ) ઈલેકટ્રીક બલ્બ
(ક) ટાઈપ રાઈટર (ડ) ફિલ્મ પ્રોજેકટર

૮ ધનવંતરી એવોર્ડ કયા ક્ષેત્ર માટે અપાય છે?
(અ) તબીબ (બ) ભૌતિક શાસ્ત્ર
(ક) રસાયણ શાસ્ત્ર (ડ) ગણિતશાસ્ત્ર

૯ ચામાચીડિયું કયા સમુદાયનું પ્રાણી છે ?
(અ) સસ્તન (બ) શરીસૃપ
(ક) વિહંગ (ડ) કેટ ફેમિલી

૧૦ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું મુખ્યાલય કયાં આવેલ છે ?
(અ) પેરિસ (બ) જિનિવા
(ક) ન્યૂયોર્ક (ડ) લંડન

૧૧ સ્કોટલેન્ડના કયા વૈજ્ઞાનિકે ટેલિવિઝનની શોધ કરી હતી ?
(અ) ગ્રેહામબેલ (બ) સ્ટિવન્સન
(ક) જેમ્સ વોટ (ડ) જહોન બેઈર્ડ

૧૨ ડાયાલિસીસની સારવાર કયા રોગ માટે અપાય છે ?
(અ) ફેફસાના (બ) કીડનીના
(ક) હૃદયના (ડ) ડાયાબિટીસ

૧૩ ભારતમાં ગાઈડેડ મિસાઈલ્સ બનાવવાનો યશ કોને ફાળે જાય છે ?
(અ) ડૉ. વિક્રમ સારાભાઈ (બ) કસ્તુરીરંજન
(ક) પ્રો. કે.એસ. રાવ (ડ) ડૉ. એપી.જે. અબ્દુલ કલામ

૧૪ પાણીને જંતુરહિત બનાવવા તેમાં શું ઉમેરવામાં આવે છે ?
(અ) ક્લોરિન (બ) એમોનિયા
(ક) નાઈટ્રોજન ઓકસાઈડ (ડ) સલ્ફર ડાયોકસાઈડ

૧૫ કયા એસીડને 'રસાયણોનો રાજા' કહેવામાં આવે છે?
(અ) હાઈડ્રોકલોરાઈડ એસિડ (બ) સલ્ફયુરીક એસિડ
(ક) નાઈટ્રીક એસિડ (ડ) સાઈટ્રીક એસિડ

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ

- **૩૦ ડિસેમ્બર ૧૮૬૮ : કૃષ્ણલાલ મો. ઝવેરી :** ભરૂચમાં જન્મ. ગુજરાતી સાહિત્ય-શિક્ષણના પિતામહ. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ તેમજ અન્ય ઈતિહાસનાં પુસ્તકોનું અંગ્રેજી, ફારસી, મરાઠી, ઉર્દૂ અને બંગાળી ભાષામાં અનુવાદો કર્યા. ૧૯૫૭માં અવસાન થયું.
- **૩૧ ડિસેમ્બર ૧૯૬૫ : લક્ષ્મણ શિવરામ કિષ્ણન :** મદ્રાસમાં જન્મેલા ભારતના ક્રિકેટર. ૧૯૮૪માં ઈંગ્લેન્ડ સામેની બે ટેસ્ટમાં સળંગ ત્રણ ઈનીંગમાં ૬-૬ વિકેટ ઝડપીને કારકિર્દીની શરુઆત કરેલી. હાલ તેઓ ટી.વી. કોમેન્ટેટર તરીકે સેવા આપે છે.
- **૧ જાન્યુઆરી ૧૮૯૪ : સત્યેન્દ્ર બોઝ :** કોલકાત્તામાં જન્મેલા. જાણીતા ભૌતિકશાસ્ત્રી અને વૈજ્ઞાનિક. એમ.એસ.સી. સુધીનો અભ્યાસ કરી ઢાકા યુનિ.માં ભૌતિકશાસ્ત્રીના રીડર તરીકે જોડાયા. ફિઝિક્સમાં મેક્સ પ્લાન્કના સૂત્રને અલગ રીતે રજૂ કરીને નામના મેળવી. ૧૯૭૪માં અવસાન થયું.
- **૧ જાન્યુઆરી ૧૮૯૨ : મહાદેવ દેસાઈ :** કર્તવ્ય નિષ્ઠ મૂકસેવક. સુરત જિલ્લાના સરસ ગામમાં જન્મ થયો હતો. બી.એ. એલ.એલ.સી. સુધી અભ્યાસ કર્યો. ગાંધીજીના અંગત સચિવ રહ્યા પણ સાહિત્યકાર પણ ખરા. ગાંધીજીના પડછાયાની જેમ આશ્રમમાં રહ્યા. ૫૦ વર્ષની વયે નિધન થયું. ગાંધી બાપુના હસ્તે તેમને અગ્નિદાહ અપાયો.
- **૪ જાન્યુઆરી ૧૮૦૯ : લૂઈ બ્રેઈલ :** ચક્ષુહિનોના તારણહાર એવા લૂઈ બ્રેઈલનો જન્મ. પેરિસમાં થયો હતો. નાની ઉંમરે લોખંડની આર વાગતાં આંખ ગુમાવી. ચેપ લાગવાથી બીજી આંખ પણ ગુમાવી. શિક્ષક બન્યા પછી અંધજનો માટે સ્પર્શલીપી વિકસાવી. એમના નામ પરથી આ ભાષાને 'બ્રેઈલ લીપી' કહે છે. ૪ જાન્યુઆરી 'બ્રેઈલ ડે' તરીકે ઉજવાય છે. ૧૯૫૨માં તેમનું હૃદયરોગથી અવસાન થયું.

ગત સપ્તાહના સવાલનો જવાબ

હિમાચલ પ્રદેશમાં સી.એમ. પદના ભાજપના કયા દિગ્ગજ નેતા ચૂંટણી હારી ગયા ?

જવાબ : પ્રેમકુમાર ધુમ્મલ

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) હાર્દિક ભટ્ટ : સે-૨૪
(૨) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬
(૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૫) નટુભાઈ દરજી : પેથાપુર
(૬) શૈલેષ ઝેડ પટેલ : ધોળેશ્વર પાસે

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

દિલ્હી સરકારના આમ આદમી પાર્ટીના આરોગ્ય મંત્રીનું નામ શું છે ? કે જેઓએ દિલ્હીમાં આરોગ્ય સેવા માટે નામના મેળવી છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સૌ કોઈની સુરક્ષા માટેનાં સુદર્શન ચક્રો

'શિક્ષાપત્રી'ની રચના ભગવાન શ્રી સ્વામિનારાયણે વિ.સં. ૧૮૮૨માં મહાસુદ પાંચમે કરી છે. મનુષ્ય માત્રને જીવન જીવવાનું માર્ગદર્શન આમાંથી મળે છે. એટલે પૂ. પ્રમુખ સ્વામી મહારાજનો અભિપ્રાય છે કે આનાં આજ્ઞાવચનો ભક્તોની રક્ષા માટે ભગવાને મૂકેલાં સુદર્શનચક્રો છે.

'શિક્ષાપત્રી'માં મહંદશે અનુષ્ટુપ છંદમાં રચાયેલા ૨૧૨ સંસ્કૃત શ્લોકો છે. આમાંના કેટલાંક આજ્ઞાવચનો આ પ્રમાણે છે :

(૧) ગમે તેટલું વધુ સારું ફળ મળે તો પણ અધર્મ તો ન જ આચરવો. અગાઉ થઈ ગયેલા મહાપુરુષોએ પણ જો કદાચ અધર્મનું આચરણ કર્યું હોય તો તેને નહિ અનુસરવું.

(૨) સ્તોત્ર અને ધર્મગ્રંથનો પાઠ પોતાની આવડત પ્રમાણે કરવો. સંસ્કૃત ન આવડતું હોય, એણે ભગવાનનાં નામનું કિર્તન કરવું.

(૩) કોઈ પણ સંજોગોમાં જીવહિંસા ન કરવી. જૂ, માંકડ, વગેરેને પણ જાણી જોઈને ન મારવા. સ્ત્રી, સંપત્તિ, રાજયસત્તાની પ્રાપ્તિ માટે કોઈ પણ મનુષ્યની હિંસા કોઈ પણ રીતે કયારેક પણ ન કરવી. કોઈ પણ સંજોગોમાં, ક્રોધથી કે મૂંઝાઈને, કયારેય પણ આત્મહત્યા ન કરવી. ક્રોધને કારણે શસ્ત્રથી પોતાનાં કે બીજાનાં અંગોનું છેદન ન કરવું.

(૪) જૂગાર ન રમવો. ચોરી કોઈ પણ રીતે ન કરવી. લાંચ ન લેવી. કોઈનો વિશ્વાસઘાત ન કરવો. અપશબ્દો કયારેય ન બોલવા. પોતપોતાના વખાણ ન કરવા. માલિક ને પૂછ્યા સિવાય ફળ, ફૂલ કાષ્ઠ વગેરે ન લેવાં. પોતાના સ્વાર્થ માટે કોઈના ઉપર ખોટા આરોપ ન મૂકવા. કોઈની પણ ગુપ્ત વાત બીજા કોઈ પાસે કે જાહેરમાં પ્રગટ ન કરવી.

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૫) સેવકને એની આવડત પ્રમાણે કામ સોંપવું, નક્કી કર્યું હોય એનાથી ઓછું વેતન ન આપવું. ગુરુને અપમાન ન કરવું, ગુરુ, માતાપિતા અને રોગીની સેવા આ જીવન કરવી.

(૬) પોતાની આવક પ્રમાણે જ ખર્ચ કરવો. પુત્ર અને મિત્ર સાથે પણ જર, જમીનની લેતી દેતી કરતી વખતે સાક્ષી સહિતનું લખાણ કરવું. પોતાની શક્તિ પ્રમાણે સુપાત્રને દાન આપતા રહેવું. પશુઓને પણ, સારી સેવા થઈ શકે તેમ હોય, તો જ રાખવા.

(૭) પોતાનું સન્માન જળવાતું ન હોય તો, વતનને પણ છોડી દેવું.

(૮) કેફી દ્રવ્યોનું સેવન ન કરવું. માંસ ભક્ષણ ન કરવું. ગળ્યા વિનાના દૂધ કે જળ ન લેવાં. ડુંગળી - લસણ ન લેવા.

(૯) ગુરુ, દેવ અથવા રાજાનાં દર્શન ખાલી હાથે ન જવું. મંદિરમાંથી પોતાના ઉપયોગ માટે વાસણ, વસ્ત્ર, ઘરેણાં માંગી ને ન લાવવા. પોતાની આવકનો દસમો ભાગ દેવ અર્પણમાં રોકવો.

(૧૦) વ્યભિચાર ન કરવો.

(૧૧) દેવો, તીર્થસ્થાનો, પતિવ્રતા સન્નારીઓ, વેદ - આ બધાની નિંદા કરવી નહીં અને સાંભળવી નહીં.

(૧૨) રસ્તે જતી વખતે દેવમંદિર આવે તો આદરપૂર્વક દર્શન કરવા. વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય - આ પાંચેયને શ્રદ્ધાપૂર્વક સન્માન આપવું.

(૧૩) જે રીતે હૃદયમાં જીવ રહેલો છે, તે રીતે જીવમાં અંતર્યામી ભગવાન રહેલા છે. આ ભગવાનની ભક્તિ સૌ એ કરવી. આ કલ્યાણનું સાધન છે. ભક્તિ અને સત્સંગ વગર તો વિદ્વાન પણ અધોગતિને પામે છે.

(૧૪) આ 'શિક્ષાપત્રી' તો માતા સમાન છે.

(પોષ સુદ-૯ શ્રી હરિજયંતિ)